# ‘નિયાંપો’
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૧ અંક : ૨૬૪



પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી
**પંકજ હિરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદકો
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

કાર્યાલય
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
email : hydkmm@gmail.com

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com


કિંમત - રૂ. ૧/-


“નિયાંપો” માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ
કીર્તિકુમાર ટોકરશી કાપડિયા

શ્રી કચ્છી મિત્ર મંડળના પ્રમુખ તરીકેની વરણી સાથે જવાબદારીને આપ સૌના સાથ સહકાર અને આશીર્વાદ દ્વારા પરિપૂર્ણ કરવાના મારા પ્રયત્નો ચાલુ રાખીશ. કચ્છી મિત્ર મંડળની તમામ પ્રવૃત્તિઓને સુવ્યવસ્થિત તેમજ આર્થિક રીતે સમાજને સુદૃઢ કરવા અમારી ટીમનો ધ્યેય છે.

શ્રાવણ માસમાં અનેક ધાર્મિક સામાજીક તહેવારો ચાલી રહ્યા છે. ખાસ કરીને ‘રક્ષાબંધન’ જે ભાઈ–બહેન વચ્ચે સેતૂ સમાન છે તેની પણ ઉલ્લાસભેર ઉજવણી થઈ રહેલ છે. આપ સૌને અભિનંદન.

પર્વાધીરાજ પર્યુષણ મહાપર્વના પ્રારંભના સંદર્ભમાં અનેક ધાર્મિક અનુષ્ઠાનો ચાલી રહેલ છે. આપણે સૌ માનવજીવનને સાર્થક બનાવવા આવા ધાર્મિક કાર્યક્રમમાં તન–મન–ધનથી સહભાગી થઈએ તેવી શુભકામના.

સ્વતંત્રતા દિવસ ૧૫ ઓગસ્ટને આપણે સૌ દેશવાસિઓ ઉત્સાહપૂર્વક ઉજવી દેશ પ્રત્યેની જવાબદારીને નિભાવીએ. દેશની સરહદોમાં અશાંતિ વધી રહેલ છે. આપણા લાડીલા વડા પ્રધાન શાંતિપૂર્વક–સલાહ–વાર્તાલાપ દ્વારા અશાંતિમાંથી દેશને બહાર લાવવા જે પ્રયત્નો કરે છે તે ઉલ્લેખનીય છે. આપશે સૌ દેશવાસીઓ તેમના વિશ્વાસમાં દઢ સંકલ્પમાં સાથે છીએ તેવી પ્રતિતિ દર્શાવીએ.

જહાં ડાલ ડાલ પર સોનેકી ચીડીયા
કરતી હૈ બસેરા, વો ભારત દેશ હૈ મેરા
જય જીનેન્દ્ર

---

### આ માસની ડાયરી

૧) ૧૫–૮–૨૦૧૭ શાંતિ પ્રાયમરી સ્કુલ – સ્વતંત્રતા દિવસ
૨) ૧૯–૮–૨૦૧૭ પર્વાધીરાજ પર્યુષણની શુભ શરૂઆત
૩) ૨૭–૮–૨૦૧૭ પર્યુષણ સમિતિ– ક્ષમાપના કાર્યક્રમ તેમજ સ્વામિવાત્સલ્ય
૪) ૩–૯–૨૦૧૭ શિક્ષણ સમિતિ– Workshop on Social Media Awareness and Cyber Crime
૫) ૧૭–૯–૨૦૧૭ શાંતિવન સમિતિ–આજ ફીર જીનેકી તમન્ના હૈ

હવે આપ વેબ સાઈટ ઉપર “નિયાંપો” વાંચી શકો છો
**www.shrikutchimitramandal.org**

# સંપાદકીય

દર્શના દિનેશ દેઢિયા
રમેશ મણીલાલ શાહ

જય જિનેન્દ્ર,

ટાઈમ્સ ઓફ ઈન્ડીયાએ કલાસ ૯ થી ૧૨ના ૪૦૦ વિદ્યાર્થીઓ માટે એક સ્કોલરશીપ જાહેર કરેલ છે જે રૂા. ૧,૦૦,૦૦૦ થી રૂા. ૨,૦૦,૦૦૦ સુધીની છે. સ્કોલરશીપ પ્રોગ્રામનું નામ છે "Times Spark" - Read to Lead.

એક સમયે લોકોમાં વાંચનનો શોખ સારો એવો હતો. કોઈકને ધાર્મિક વિષયનો, કોઈને ઈતિહાસ, કોઈને નોવેલ્સ, વિજ્ઞાન કે બીજા અનેક વિષયોની સામગ્રી ઉપલબ્ધ રહેતી તે વાંચતા અને જ્ઞાન પ્રાપ્ત કરતા. ટી.વી. અને મોબાઈલનું પગારણ થતા, લોકોને હવે વાંચવાનો શોખ રહ્યો નથી. મોટી ઉમરના વ્યક્તિઓમાં હજુ વાંચવાનો શોખ જળવાઈ રહ્યો છે પણ યુવા–યુવતીઓમાં તેમના પાઠ્ય પુસ્તકો સિવાય અન્ય કોઈ વિષયમાં વાંચનનો શોખ નથી.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ યુવા પ્રજામાં વાંચનનો શોખ જાગે તે માટે આ પ્રોગ્રામનો આરંભ કરેલ છે. ભવિષ્ય એ યુવા યુવતિઓને સમર્પિત રહેશે જેઓને ભૂતકાળનું જ્ઞાન હશે, વર્તમાનથી પરિચિત હશે અને આવતીકાલના ફેરફાર માટે તૈયાર હશે. આ ત્યારે શકય બનશે જ્યારે વાંચનનો શોખ હશે અને સાથે સાથે અનુભવ અને સાચું ભણતર મેળવશે.

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, ગામડામાં જન્મેલ, ન્યુઝ પેપર વહેંચતા, સાથે સાથે તેમને વાંચનનો શોખ જાગેલ, જ્ઞાન મેળવેલ, રોકેટ મેન બન્યા અને દેશના પ્રમુખ પદે પહોંચેલ. વાંચનથી આપણી જોવાની દૃષ્ટિ વિસ્તરે છે અને સાચા–ખોટાની પરખ ખબર પડે છે. 'વાંચન' એક આનંદ મેળવવાનો સાધન છે, જ્ઞાન મેળવવાનો સાધન છે અને જ્ઞાન હોતા સત્તા પણ આવે છે. — (હા અહીં સત્તા એટલે રાજકિય કે મિલીટરી સત્તાનો નિર્દેશ નથી). તો ચાલો વાંચનનો શોખ કેળવીએ

# મનોરંજન સમિતિ

સંપાદક : પ્રતાપ જાડેજા
ફોન : ૯૯૫૯૯ ૪૪૮૨૨

મંડળની મનોરંજન સમિતિએ ભારતીય વિદ્યા ભવન, કીંગ કોઠી ખાતે રવિવાર તા. ૩૦–૭–૨૦૧૭, સાંજે ૭.૦૦ કલાકે ''સિધ્ધાર્થ રાંદેરિયા'' પ્રોડકશન, ચિત્રકશ અને કરણમાણવકર પ્રસ્તુત પિતા–પુત્રીના સ્નેહનું ફુલગુલાબી ''મિ. એન્ડ મિસ બારોટ'' નાટકનું આયોજન કરેલ.

સ્પોન્સર્સ દ્વારા પ્રસ્તુત આ નાટકમાં લગભગ ૪૫૦ મેબરસોએ હાજરી આપી હતી. મનોરંજન સમિતિ આ બધા શુભેચ્છકોના ખૂબ ખૂબ આભાર માને છે.

આ કાર્યક્રમની સ્પોન્સરશીપ શ્રી કિર્તિભાઈ કાપડિયા, શ્રી સુરેશભાઈ ગોસર, શ્રી અમૃતલાલ નીસર, સ્ત્રી હેમાંગભાઈ મોમાયા, શ્રી ખિમજીભાઈ મામણીયા, શ્રી જયંતભાઈ ગડા, શ્રી પંકજભાઈ સાવલા, શ્રી કેશવજીભાઈ છેડા તથા શ્રી પ્રતાપભાઈ જાડેજા તરફથી હતી.

આ કાર્યક્રમમાં નિમંત્રણ કેટરર્સ તરફથી અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.



# માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭૪૭૬૨૫

રક્ષા બંધન, સ્વાત્રંત દિવસ, જન્માષ્ટમી, વિર પસલી પર્વની સૌને શુભકામના.

લાંબા સમયથી ચાલી રહેલ જીએસટીનું અમલ જુલાઈ માસથી શરૂ થઈ ગયેલછે, આશા રાખીયે દેશની આર્થિક પ્રગતિમાં આ સુધારો નફા કારક બની રહે.

જુલાઈ માસ દરમ્યાન શિક્ષણ સહાય વિતરણ કાર્યમાં લગભગ રૂા. આઠ લાખની સહાય જરૂરતમંદ છાત્રોંને આપવામાં આવી છે. સમિતિ સંચાલીકા શ્રીમતી વાસંતી અરવીંદ શાહ આ કાર્યમાં પોતાનું અમુલ્ય સમય આપી રહેલ છે, એમને અભીનંદન.

માસ દરમ્યાન, કચ્છ માંડવી મુંદ્રા **વિસ્તારના ધારા સભ્ય શ્રી તારાચંદભાઈ જગશી છેડા**, હૈદરાબાદ મધ્યે મુલાકાતે આવતા તેમની સાથે કારોબારી અને ટ્રસ્ટ મંડળના સભ્યો સાથે એક સ્નેહ મીલન યોજવામાં આવેલ હતું, મંડળ દ્વારા હૈદરાબાદથી ભુજ સુધીની સીધી ટ્રેન ચાલુ કરવા માટે એક પરીપત્ર આપવામાં આવેલ.

જરૂરીયાત મુજબ ભવનનું રીપેરીંગ, અને અન્ય કાર્ય કરાવવામાં આવી રહેલ છે. ઈલેકટ્રીક કાર્યમાં, એરકન્ડીશનર અને કુલર રીપેરીંગનું કાર્ય ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે.

તા. ૨૮-૭-૨૦૧૭ના દિવસે કારોબારી સમિતિની એક સભા યોજવામાં આવેલ હતી જેમાં યૂવા કોઅપ્ટ સભ્ય તરીકે શ્રી અંકીત નિતિન વોરાની કારોબારી સમિતિમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ભવન મેનટેનન્સ અને સામાજીક સહાય ક્ષેત્રે આપવામાં આવતી રાહતોને ચાલુ રાખવા માટે સૌથી અગત્યનો ભાગ ભવન બુકીંગ ઉપર નીર્ભર રહે છે, પરન્તુ છેલ્લા કેટલાક સમયથી ભવન બુકીંગ ખુબજ ઓછી રહેવાથી દરેક ક્ષેત્રે બજેટ ઉપર કાપ મુકવામાં આવી રહેલ છે, આવક અને જાવક ઉપર કડી નજર રાખવામાં આવી રહેલ છે, આ કાર્યમાં ખજાનચી અને પ્રમુખ સાહેબના સાથથી તકેદારી પુર્વક કાર્ય કરવામાં આવી રહેલ છે.

ભવન બુકીંગમાં વધારો થાય અને આપણી આવકમાં સુધારો થાય તે માટે બુકીંગ નિયમમાં જરૂરી સંશોધન કરવું અનિવાર્ય બની ગયેલ છે. આ માસની કારોબારી સભામાં બુકીંગ નિયમ-નક્કી કરવા માટે એક કમીટીનું ગઠન કરવામાં આવેલ છે, એમના તરફથી સૂચનો આવ્યા પછી કારોબારી સભામાં નિર્ણય લેવામાં આવશે.

તા. ૩૦-૭-૨૦૧૭ રવિવારના દિવસે મનોરંજન સમિતિ દ્વારા ગુજરાતી નાટકનું આયોજન કરવામાં આવેલ હતું, લગભગ ૪૫૦ કોમ્પલીમેન્ટરી પાસ મેમ્બરોને આપવામાં આવી હતી, અલ્પાહાર સાથે ઉપસ્થિત સર્વ સભ્યોએ નાટકનો આનંદ માણેલ, કાર્યક્રમનો સંપૂર્ણ ખર્ચ સ્પોન્સર્સ દ્વારા મેળવવામાં આવેલ હતું, સર્વ દાતા સ્પોન્સર્સનો આભાર, સંચાલક પ્રતાપભાઈ જાડેજાને અભીનંદન.

તા.૧૫-૮-૨૦૧૭ના દિવસે શાંતિ પ્રાયમરી સ્કુલ દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ કચ્છી ભવન મધ્યે રાખવામાં આવેલ છે.

સમાજના સ્કીલ ડેવલપમેન્ટ સંચાલક અને નિષ્ઠાવાન કાર્યકર શ્રી ભરત મગનલાલ ધરોડનું ન કલ્પેલ અચાનક સેલમ મધ્યે અવસાન થતા શોકની લાગણી છવાઈ ગયેલ હતી, સમાજના એક કુશળ કાર્યકર્તાની ન પુરાય એવી ખોટ આપણને હમેશા રહેશે.

મુંબઈ ક.વી.ઓ. જૈન સમાજની વિવિધ હરીફાઈઓમાં આપણા ટેલેન્ટેડ સ્પર્ધકોને હરીફાઈઓમાં ભાગ લેવા આમંત્રણ પાઠવવામાં આવેલ છે, જેની જાણ સભ્યોને એસ.એમ.એસ દ્વારા આપવામાં આવેલ છે, વધુ માં વધુ સભ્યો, સ્પર્ધામાં ભાગ લઈ, પોતાની ટેલેન્ટ નીખારવાની તક ઝડપી લેવા વિનંતી.

# શ્રી કચ્છી વિશા ઓસવાલ જૈન સમાજ હૈદરાબાદ

## વધાઈ વધાઈ વધાઈ

આપ સૌને શ્રી ક.વિ.ઓ. જૈન સમાજના રજત જયંતિના વધામણા.

આપણે સૌએ રજત જયંતીનો ભવ્યાતિ ભવ્ય સમારંભ જુલાઈ મહિનામાં માણ્યો અને હવે એનાજ અનુસંધાનમાં શ્રી જૈન શ્રાવક ધર્મના એક અતિ મહત્વના કર્તવ્ય રૂપે શ્રી સ્વામીવાત્સલ્યનો લાભ આપણા ક.વિ.ઓ. જૈન સમાજે લીધો છે. આપણા સર્વે માટે આ ધન્ય ઘડી છે. પર્યુષણ પર્વના અંતિમ ચરણે તા. ૨૭-૮-૨૦૧૭ના રવિવારે શ્રી કચ્છી ભવન મધ્યે સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવ્યું છે. તો શ્રી કચ્છી મિત્ર મંડળના દરેક સભ્યો સહપરિવાર અમને લાભ આપે એવો ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

આ સ્વામીવાત્સલ્યના દાતા પરિવારોનો હાર્દિક આભાર.

| | | |
|---|---|---|
| પ્લેટિનમ દાતા | શ્રીમતી નિર્મલાબેન શિવજી વીરજી ધરોડ પરિવાર | પત્રી |
| સુવર્ણ દાતા | શ્રીમતી લક્ષ્મીબેન પ્રેમજી નરશી છેડા પરિવાર | લાયજા |
| રજત દાતા | શ્રીમતી ઉર્મિલાબેન પોપટલાલ કેશવજી છેડા પરિવાર | ગોધરા |
| | શ્રીમતી પ્રભાવતીબેન ચીમનલાલ લાલજી ગાલા પરિવાર | છસરા |
| | શ્રીમતી સુંદરબેન મણીલાલ રતનશી ધરોડ પરિવાર | પત્રી |
| | શ્રીમતી શાંતાબેન હીરજી મુલજી સાવલા પરિવાર | બેરાજા |
| | માતુશ્રી મેઘબાઈ વાલજી મુરજી મારૂ પરિવાર | ભોજાય |
| | શ્રીમતી લીલાવંતી અમૃતલાલ રવજી ભેદા પરિવાર | સમાઘોઘા |
| સહાયક દાતા | શ્રીમતી સપના બીજોલ કિરણ રાંભિયા પરિવાર | સમાઘોઘા |
| | શ્રીમતી નવલબેન હેમરાજ ખીંયશી દેઢીયા પરિવાર | ગઢશીસા |
| | શ્રી વસંત ગાંગજી કાનજી સાવલા પરિવાર | કોટડી મહાદેવપુરી |
| | માતુશ્રી ચંચલબેન માવજી શીવજી ગાલા પરિવાર | મોટી ઉનડોઠ |

શ્રી નિતિન શીવજી ધરોડ
પ્રમુખ

શ્રી કિરણ ચીમનલાલ રાંભિયા
માનદ્ મંત્રી

(જા.ખ.)

માવજત ક્ષેત્રે આપવામાં આવતી સહાય, મેડીક્લેમ પોલીસી રીન્યુઅલનું કાર્ય ચાલુ છે, સંચાલક શ્રી દિર્ગેશભાઈ નિશર પોતાનું સમય આ કાર્ય માટે આપી રહેલ છે, અભીનંદન.

નીચે મુજબ બે સમિતિ સંચાલકોની નીમણુંક કરવામાં આવેલ છે.

૧) શાન્તિવન સમિતિ – સંચાલક શ્રી હંસકુમાર રાયચંદ સાયલા

૨) યુવા સમિતિ – સંચાલક શ્રી અંકીત નિતિન વોરા

આગામી માસ દરમ્યાન શાન્તિવન સમિતિ, મહિલા સમિતિ, શિક્ષણ સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે, વધુમાં વધુ સભ્યો કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સંચાલકોનો ઉત્સાહ વધારવા વિનંતી.

ચાતુર્માસ આરંભ થઈ ગયેલ છે, અને પર્યુષણ મહાપર્વનું આગમન થઈ રહેલ છે, યથા શક્તિ ધર્મલાભ, સાધૂ સત્સંગ પ્રવચન, તપનું લાભ અવશ્ય લેશો.

તા. ૨૬–૮–૨૦૧૭ના દિવસે પ્રતિક્રમણ અને તા. ૨૭–૮–૨૦૧૭ના સામુહિક ક્ષમાપના સમ્મેલનનું આયોજન કચ્છી ભવન મધ્યે રહેશે.

આ માસ દરમ્યાન કચ્છી વિશા ઓસવાલ જૈન સમાજ અને કચ્છી બેંકની વાર્ષીક સામાન્ય સભાઓ યોજવામાં આવેલ તેમા ચુંટાઈ આવેલ દરેક સભ્ય ને અભીનંદન.

શિક્ષણ સહાય અર્થે આપણે જે કાર્ય કરી રહ્યા છીએ, આ વર્ષે મુંબઈ મહાજન સાથે આપણે આ કાર્યમાં જોડાયા હતા. એના અનુસંધાનમાં આપણા કાર્યને બીરદાવતા, એક ટ્રોફી આપણને અર્પણ કરેલ છે. તે ઉપરાંત ૨૦ વિદ્યાર્થીઓની અપ્લીકેશન મોકલાવેલ જેના ચેક્સ પણ આવી ગયેલ છે.

## શિક્ષણ સમિતિ

સંચાલિકાઃ શ્રીમતી વાસંતી શાહ
૦૯૮૪૯૫ ૪૭૫૪૩

Social Media has become a very important aspect of our life. Communication and keeping in touch with family and friends has become very easy. But as all good things social media also has some disadvantages. Shikshan Samithi is organizing a workshop on **"SOCIAL MEDIA AWARENESS AND CYBER CRIME"** on Sunday the **3RD SEPTEMBER 2017** from 4 pm to 6 pm at Kutchi Bhavan.

All children from class 7th and above and their parents are eligible for this workshop. Registration is compulsory. Please register your names for above workshop on below given phone nos.

**Mrs. Vasanti Shah - 98495 47543, Mr. Poojan Saiya - 92904 75445,**

**Ms. Gouravi Chheda - 92465 62325, Mr. Rakshit Gala - 90301 24788.**

Please remember to be in your seats by 3.45pm. No one will be allowed after the workshop starts.

Shikshan Samtihi is also organizing a **Quiz competition** for our members. **Preliminary Round** (question paper) will be held on **2nd October 2017 from 10am** onwards.

**ANNUAL MERIT AWARDS FUNCTION** will be held on **Sunday the 8th October 2017 at 4pm** at Kutchi Bhavan. Please submit your results of class 10th, Intermediate, Degree and above in the enclosed form at kutchi bhavan's office before **30th of August 2017**.

# KUTCHI MITRA MANDAL SHIKSHAN SAMITI

## form for Silver / Gold Medal - Academic Year 2016-2017

Name of the Student : ______________________

Father's Name : ______________________

Mother's Name : ______________________

KM Membership No. of Parent : ______________________

Grand Father's Name : ______________________

Surname : ______________________

Village in Kutchh : ______________________

Ph. / Mobile No. : ______________________

Passed in Standard : ______________________

Total Marks obtained : ______________________

or

Grade / Percentage : ______________________

**Signature of Student** **Signature of Parent**

Date of Submission :

## RULES & REGULATIONS

1) Photocopy of this form can be used for additional entries.
2) Send completed form along with Mark Sheet.

**Last Date for receiving the completed forms : 30th August 2017.**

# પર્યુષણ ઉત્સવ સમિતિ

સંચાલક : હેમાંગ મણિકાંત મોમાયા
૯૮૮૫૧ ૦૧૦૧૦

પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ વિવિધ સંઘોમાં ચાતુર્માસાર્થે ગુરૂભગવંતો બિરાજમાન છે. દરેક સંઘમાં જિનવાણી, તપ–જપ–અનુષ્ઠાનો ઉત્સાહપૂર્વક તથા શ્રધ્ધાપૂર્વક થઈ રહ્યા છે.

શ્રી અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તી શાસનપ્રભાવિકા શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી ખંતીગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી મલ્લીગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં જિનેશ્વરધામ કાચીગુડા મધ્યે વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો, વ્યાખ્યાન વાણી, શીબીરો, ધાર્મિક શૈક્ષણિક વર્ગો વિગેરે અનેક ધાર્મીક ક્રિયાઓ ચાલી રહી છે.

પર્યુષણ મહાપર્વ શ્રાવણ વદ તેરસ વાર શનિવાર, તા. ૧૯–૮–૨૦૧૭ થી ભાદરવા સુદ પાંચમ વાર શનિવાર તા. ૨૬–૮–૨૦૧૭ સુધી રહેશે. જિનેશ્વરધામ કાચીગુડામાં મહાપર્વ દરમ્યાન જિનવાણી, કલ્પસૂત્રવાંચન, સ્વપ્નાજી, બારસાસૂત્રવાંચન, વિવિધ તપ, ભક્તિમય ભાવના વિગેરે કાર્યક્રમો રહેશે.

સાંવત્સરિક પ્રતિક્રમણ ભાદરવા સુદ ૫ વાર શનિવાર તા. ૨૬–૮–૨૦૧૭ના દિવસે કચ્છી ભવન, રામકોટ મધ્યે ઠીક સાંજના ૪.૩૦ કલાકેથી રહેશે. ભાઈઓ તથા બહેનોએ સમયસર પધારવા વિનંતી.

પ્રતિક્રમણ બાદની પ્રભાવનાના લાભાર્થી : માતુશ્રી શાંતાબેન હિરજી કાનજી ગોસર પરિવાર– ગામ સાભરાઈ, મે. બાલાજી રતનલાલ મિઠાઈ ભંડાર, કાચીગુડા તથા એક સદગૃહસ્થ તરફથી રાખવામાં આવેલ છે.

પ્રતિવર્ષાનુસાર શ્રી કચ્છી મિત્ર મંડળ – પર્યુષણ ઉત્સવ સમિતિ દ્વારા પ.પૂ. સાધ્વી શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં અઠાઈ તપ તેથી વધુ તપસ્યા કરનાર તપસ્વીઓનું બહુમાન તથા સામુહિક ક્ષમાપના કાર્યક્રમ ભાદરવા સુદ ૬ વાર રવિવાર તા. ૨૭–૮–૨૦૧૭ના સવારના ઠીક ૧૦ કલાકે કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે.

સામુહિક ક્ષમાપના તથા તપસ્વી બહુમાન બાદ સકળ શ્રી સંઘ માટે સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ષના સ્વામીવાત્સલ્યના લાભાર્થી શ્રી કચ્છી વીસા ઓસવાલ સમાજ હૈદરાબાદ છે સ્વામીવાત્સલ્યના લાભાર્થી તથા દાતાઓનું ખૂબ ખૂબ આભાર અને અનુમોદના.

ઉપરોક્ત સર્વે પ્રભાવનાના લાભાર્થી પરિવારજનોનો શ્રી કચ્છી મિત્ર મંડળ વતી ખૂબ ખૂબ આભાર તથા અનુમોદના.

તપસ્વીઓને નમ્ર વિનંતી કે તપસ્વી બહુમાન માટે પોતાનું નામ કચ્છી ભવનની ઓફીસમાં તા.૨૫–૮–૨૦૧૭ સુધી નોંધાવે જેથી આયોજન કરવામાં સરળતા રહે.

ચાતુર્માસ દરમ્યાન આપસૌ ભાઈ બહેનો ધર્મ આરાધના તથા તપસ્યા કરતા સુખશાતામાં રહો એવી મંગલભાવના સહ જય જિનેન્દ્ર.

Aarogyam
Think Wellness. Think Aarogyam
રજુ કરે છે
આરોગ્યમ
વિન્ટર કેમ્પ




સ્વાસ્થ્ય ચિકિત્સા આજે, આવતીકાલના સ્વસ્થ જીવન માટે.
સંપૂર્ણ સ્વાસ્થ્ય ચિકિત્સા માટે એક ખાસ રક્ત પ્રશિક્ષણ પ્રણાલી

સ્પેશલ કેમ્પ દર
ફક્ત ₹ ~~1800~~ 1200 માં*

સુવિધા મેળવવા માટે

**Mr. Nishant Dhanesh Shah**
**NBS Medical Services Private Limited**
1-10-98/5/1, Mansarovar, Dwarkadas Society
Begumpet, Hyderabad – 500016
Contact: **8886810032**

Terms and Conditions
- LIMITED PERIOD OFFER – Valid till – August 30th 2017
- FREE HOME COLLECTION FOR 2 or more members.
- For more details call **08886810032**

આરોગ્યમ પ્રોફાઈલ
(૬૩ ટેસ્ટ્સ)
- Vitamin D Total & Vitamin B12
- Homocysteine
- HbA1c & Average Blood Glucose
- Thyroid Profile (3)
- Iron Deficiency Profile (3)
- Kidney Profile (5)
- Cholesterol Profile* (8)
- Liver Profile (11)
- Complete Hemogram (28)

હવે HbA1c, Vitamin D અને Homocysteine સાથે

Thyrocare
Think Thyroid. Think Thyrocare.
દ્વારા સંચાલિત

(જા.ખ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

જત જણાવવાનું કે ગત માસમાં માનવમિત્ર સમિતિએ બીજી સંસ્થા સાથે મળી લોક ઉપયોગી કાર્યો સફળતાથી પુરા કર્યા છે. જેવા કે :–

૧) ૧૫૦ સ્કુલબેગ – સરસ્વતી કન્યા પાઠશાળા મહારાજગંજ (આ સંસ્થા સરકારી ગ્રાન્ટથી ચાલે છે).
૨) ૧૦૦ સ્કુલબેગ – તીલકનગર ગવર્નમેન્ટ એડેડ ગર્લસ સ્કુલ, નલ્લાકુન્ટા, હૈદ્રાબાદ
૩) ૯૬ સ્કુલબેગ – ભાગ્યનગર ગવર્નમેન્ટ એડેડ ગર્લસ સ્કુલ, ચાદરઘાટ, હૈદ્રાબાદ
૪) ૧૨૦ સ્કુલબેગ – મનોરનજની ગર્લસ સ્કુલ, બોગુલકુન્ટા, ગર્વનમેન્ટ એડેડ સ્કુલ
૫) ૧૭ સ્કુલબેગ – અંબરપેટ ગવર્નમેન્ટ ગર્લસ સ્કુલ – અંબરપેટ, હૈદ્રાબાદ
૬) સરસ્વતી કેન્દ્રિયાલય પાઠશાળા – ગવર્નમેન્ટ એડેડ સ્કુલ, મહારાજગંજ મધ્યે સ્કુલની બીલ્ડીંગમાં બારીઓના ગ્લાસ ફીટીંગનું કાર્ય સંપૂર્ણ કરેલ.
૭) મલાકુંટા ગવર્નમેન્ટ સ્કુલ – ગૌશામહેલ મધ્યે તાંદુર પથ્થરની ફીટીંગ નું કાર્ય કરેલ.

ઉપરોક્ત સ્કુલની મુલાકત કરતા શ્રી હીરેનભાઈની ટીમને તેમજ ઉપર જણાવેલ કાર્ય માટે દાતા અને તેમના વોલીન્ટર ભાઈઓ જે માનવસેવાનો કાર્ય કરેલ છે તે બદલ તેમને ધન્યવાદ આપીએ છીએ. ગવર્નમેન્ટ સ્કુલમાં ક્રાફટ તેમજ અન્ય પ્રવૃતી માટે એક મહિલાની જરૂરત છે. તે માટે જે મહિલાને રસ હોય તે શ્રી હિતેનભાઈ (ફોન નં. ૯૮૪૯૧ ૬૪૨૨૧) નો સંપર્ક કરે. આ કાર્ય અઠવાડિયામાં ૧ દિવસ માટેનું છે.

તા. ૩૦–૭–૨૦૧૭ રવિવારના દિવસે મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટરો અને માનવમિત્ર સમિતિના સભ્યો ધ્વારા ટ્રેકીંગનો એક કાર્યક્રમ ભોંગીર કીલ્લામાં કરેલ. અડધો દિવસ ભોંગીર મધ્યે આવેલ મેન્ટલી હેન્ડીકેપ બાળકોની સંસ્થાના બાળકો સાથે સમય વિતાવેલ.

આપણા સમાજના શ્રી નરેન્દ્ર વોરાની શસ્ત્રક્રિયા સમયે લોહીની જરૂરત પડતા આપણા સમાજના સભ્યોએ બ્લડ ડોનેશન કરેલ. તે બદલ Blood Donor નો આભાર.

ગત માસમાં ૩૦૦ કીલો ચોખા અને ૩૦ કીલો દાળ પ્રાપ્ત થયા છે.

૫૦ કીલો ચોખા શ્રી જેઠાલાલભાઈ ગોગરી તરફથી એમની પત્ની ની પૂણ્યતિથિ નિમીત્તે પ્રાપ્ત થયા છે.

## જીવન ચક્ર

| | | | |
|---|---|---|---|
| **સગપણ** | વિનેશકુમાર મગનભાઈ પટેલ | સુરત | સૈનિકપુરી |
| | પરીતા ધીરજ ઠક્કર | ભુજ | હૈદરાબાદ |
| **મૃત્યુ નોંધ** | ભરતભાઈ મગનલાલ ધરોડ, ઉ.વ. ૫૭ | પત્રી | હૈદરાબાદ |
| | રૂક્ષ્મણીબેન હીરજી નિસર, ઉ.વ. ૮૦ | વડાલા | હૈદરાબાદ |

**આપણાં કચ્છ માંડવીના શ્રી મહેશ મહારાજ (કચ્છી) હૈદરાબાદમાં પધાર્યા છે. તેઓ કર્મકાંડ, ઉત્તરક્રીયા, જન્માક્ષર તથા જ્યોતિષીને લગતા બધા કાર્યો કરે છે. તેમનો મોબાઈલ નં. ૯૮૭૯૨ ૧૩૫૦૭ છે. જેમને પણ કાંઈ પણ ઉપરોક્ત કાર્ય હોય તેમને સંપર્ક કરવા વિનંતી. – લી. મહેશ મહારાજ**

(જા.ખ.)

# Manav Kalyan Seva Samiti

Jain Mandir Lane, Behind Bank of India,
Kachiguda. Hyderabad-500 027. Ph : 040-27557711

## Charitable Clinic

**DOCTORS ON PANEL**

• ALLOPATHY • HOMEOPATHY • CARDIOLOGIST
• GYNAECOLOGIST • CHILDREN SPECIALIST

**REGISTRATION FEES Rs. 10/- ONLY**
**Including Doctor Consultation & Medicines for 2 Days**

### ALLOPATHY

**Dr. Chandrakant Ranade**
MBBS,
Daily
**9.00 AM to 11.00 AM**
**7.00 PM to 9.00 PM**

### HOMEOPATHY

**Dr. Smt. C. Roshna**
BHMS, DNHE,
Daily
**11.30 AM to 1.30 PM**

### ALLOPATHY

**Dr. K. Devaraj**
MBBS,
Pulmonologist &
General Physician.
**Daily 4.00 PM to 6.00 PM**

SUNDAY CLOSED

**Specialist Doctors**

SUNDAY CLOSED

### CARDIOLOGIST

**Dr. PANKAJ JARIWALA**
MD, DNB,
EVERY **FRIDAY**
(on Prior Appointment Only)
5 To 6 Patients Only
**8.00 PM to 9.00 PM**
Fees Rs.100/- Per Visit
(Non Refundable)

### GYNAECOLOGIST

**Dr. Anisha Gala**
DGO, DNB,
EVERY
2nd & 4th **THURSDAY**
(on Prior Appointment Only)
5 To 6 Patients Only
**3.00 PM to 4.00 PM**
Fees Rs.50/- Per Visit
(Non Refundable)

### CHILDREN SPECIALIST

**Dr. Smt. S.V. Bhole**
MBBS, BCH,
EVERY **SATURDAY**
**9.30 AM to 10.30 AM**
Fees Rs.10/- Per Visit

(જા.ખ.)

# શાંતિવન સમિતિ

સંચાલકઃ હંસકુમાર રાયચંદ સાંયલા
ફોન. ૯૨૪૬૫ ૩૨૫૪૫

## તૂમને પૂકારા.... ઔર.... હમ ચલે આયે....

મિત્રો, આપ સર્વેની હાર્દિક શુભેચ્છાઓને માન આપી આ ટર્મની જવાબદારી ફરીને સ્વીકારેલ છે. મનોરંજન સાથે કંઈક મૌલીક કાર્ય પણ કરવાની ભાવના છે. આપણા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સુશીલભાઈ કાપડીયાએ પોતાના નિવેદનમાં એકવાર જણાવેલ કે સમાજના વડિલો માટે એક ઘર બનાવવાની ઈચ્છા છે. એમની ઈચ્છાને આપણે સહકાર આપી આ કાર્ય માટે આગળ વધશુ તથા એક એવો સ્થાન આપણા વડિલો માટે તૈયાર કરશું જ્યાં એમને આવક કરવાની, પૌષ્ટીક ખોરાકની, હલકા વ્યાયામની સુવિધા હોય, તબિબી સુવિધા હોય, રમત ગમતની, વાચનાલયની, ધર્મ આરાધનાની વ્યવસ્થા હોય.

ચાલો વેલી તકે આપણે આ લક્ષ તરફ પ્રયાણ કરશું. એ પહેલા એક મનોરંજન કાર્યક્રમ દ્વારા પ્રત્યેક વડિલોને ગીત ગાવા મજબૂર કરશું.

**આજ ફીર જીનેકી તમન્ના હૈ...**

રવિવાર તા. ૧૭-૯-૨૦૧૭ ના સાંજના ઠીક ૫.૦૦ વાગ્યાથી કચ્છી ભવનમાં ''કવ્વાલી તથા સુફી ગીતોની મહેફીલ'' નું કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ છે. આપ સર્વે ૫૦ વર્ષની ઉપરના વડિલોને ખાસ આગ્રહ ભરી વિનંતી છે, સમયસર હાજર થઈ કાર્યક્રમનો આનંદ માણશો. સાથે સાથે રૂ. ૨૦/- આપી ફુડ કુપન મેળવવા ભુલશો નહીં. કાર્યક્રમ પૂર્ણ થયા પછી અલ્પાહારની વ્યવસ્થા છે.

ઑફિસ-દુકાન-ઘરમાં નાના મોટા
સુથારી-કારપેન્ટરના કામ માટે
સંપર્ક : લાલદેવ કારપેન્ટર (સુથાર)
મોબાઈલ : 81211 47346

For CARPENTAR Work in
OFFICE-SHOP-RESIDENCE
Contact LALDEV CARPENTAR
Ph : 81211 47346 (જા.ખ.)

BEON NATURE CURES BETTER
Apple Cidar Vinegar with Mother : Controls Sugar, Dissolve Kidney Stones, Relief from piles, Helps in Weightloss and Obesity Reduction, Reduces Cold and Cough and Asthma, Treating Arthritis, Relief from Headache and Migraine, helps during Menopause.
No Side effects, No Colour and preservative added.
100% Natural Extract Rs. 580/- 500ml bottle.
CONTACT : SACHIN NAGDA 99852 08414
(જા.ખ.)

# ભાવાંજલિ



દેહ ધારણ
૧૦-૦૩-૧૯૬૧

દેહ ત્યાગ
૨૯-૭-૨૦૧૭

## શ્રી ભરતભાઈ મગનલાલ ધરોડ, પત્રી-કચ્છ, હૈદરાબાદ

### હે ઈશ્વર આવું શાને થાય છે ?

જે હોય મનગમતા તેજ તસ્વીર બની જાય છે યાદ રહેશે સદાય અમને તમારો સ્વભાવ, માર્ગદર્શન, પરિવાર પ્રત્યેની લાગણીઓ, આત્મીયજનો માટેનો પ્રેમ, આપીએ શ્રદ્ધાંજલિ તમને, આત્મા પામે શાશ્વત સુખ અને શાંતિ એજ પ્રાર્થના....

**પરિવારજનોને આઘાત જીરવવાની આપજો શક્તિ પરમાત્મા....**

શોકાતુર ગામાઈઓ :

કીર્તિકુમાર ટોકરશી કાપડિયા
સુશીલ ધીરજલાલ કાપડિયા
નીતિન શીવજી ધરોડ
વિરેશ મણીલાલ ધરોડ
નેમજી કાનજી ધરોડ
પ્રવીણ કુંવરજી કાપડિયા
દિપક શીવજી ધરોડ
કાંતીલાલ રામજી ધરોડ
અરૂણાબેન પ્રફુલ ધરોડ

હર્ષદ કુંવરજી ધરોડ
તારાચંદ મણીલાલ ધરોડ
મણીલાલ રામજી ધરોડ
નવીન મણીલાલ ધરોડ
નવીનચંદ્ર કાનજી ધરોડ
નિલેશ શીવજી ધરોડ
રમણીકલાલ લખમશી કાપડિયા
મુકેશ કુંવરજી ધરોડ

સમસ્ત હૈદરાબાદ પત્રી મહાજન

(જા.ખ.)

# સંસ્થા સમાચાર

● **શ્રી કચ્છી વિશા ઓસવાલ જૈન સમાજ, હૈદરાબાદ :** સંસ્થા દ્વારા તા. ૯-૭-૨૦૧૭ ના રજત જયંતિ નો કાર્યક્રમ કચ્છી ભવન મધ્યે ઉજવવામાં આવ્યો જેમાં ક.વિ.ઓ. સમાજ હૈદ્રાબાદનો પ્રથમ વસતી પત્રકનો વિમોચન કરવામાં આવેલ જેના મુખ્ય દાતા શ્રીમતી કસ્તુરબેન ધનજી લખમશી સાવલા હતા. મુખ્ય અતિથિ તરીકે શ્રી તારાચંદ જગશી છેડા હતા, સાથે બે વકતા શ્રી અતુલભાઈ ભેદા તથા શ્રી નિલેશ ગાલાએ યુવા પેઢીને ખાસ બોધ આપેલ. કાર્યક્રમ બાદ દરેક દાતા તથા પધારેલ મહેમાનોનો ખુબ આભાર માનેલ.

તા. ૧૬-૭-૨૦૧૭ના સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા રાખવામાં આવેલ જેમા ૨૦૧૭ થી ૨૦૧૯ બે વર્ષ માટે કારોબારીની ચુંટણી હતી જેમાં નીચે મુજબના ઉમેદવારો બીનહરીફ ચુંટાઈ આવ્યા છે. શ્રી નિતિન શીવજી ધરોડ (પ્રમુખ), શ્રી પોપટલાલ કેશવજી છેડા (ઉપપ્રમુખ), શ્રી કિરણ ચીમનલાલ રાંભિયા (માનદ્ મંત્રી), શ્રી હરેશ હેમરાજ દેઢીયા (સહમંત્રી), શ્રી મનોજ હીરજી સાવલા (ખજાનચી) તેમજ કારોબારી સભ્ય શ્રી ચીમનલાલ લાલજી ગાલા, શ્રી તારાચંદ મણીલાલ ધરોડ, શ્રી મણીલાલ રામજી ધરોડ, શ્રી રતિલાલ પ્રેમજી છેડા, શ્રી નેમચંદ માવજી ગાલા, શ્રી શાંતિલાલ વાલજી મારૂ.

શ્રી મહારાષ્ટ્ર કચ્છી ઓસવાલ જૈન સમાજ તરફથી સંયુક્ત મહાપરિચય સંમેલન તા. ૯ અને ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૭ નાં મહાબળેશ્વર મુકામે રાખવામાં આવેલ છે. જે મેમ્બરને ફોર્મ જોઈતા હોય તો શ્રી કિરણ ચીમનલાલ રાંભીયાનો સંપર્ક કરવો. ફોન : ૮૮૮૬૮ ૯૯૯૬૮.

● **શ્રી કચ્છી ઓસવાલ મ્યુચ્યલી ઐડેડ કો.ઓપ.ક્રેડીટ સોસાયટી** ની ૨૧મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૦૨-૦૭-૨૦૧૭નાં સોહાર્દ પુર્વક વાતાવરણમાં કચ્છી ભવન-હૈદ્રાબાદ મધ્યે યોજાઈ હતી, કુલ ૮૪૭ સભ્યોની હાજરી રહી હતી. એજંડા મુજબ કાર્યવાહી ખુબજ ઉત્સાહ અને શાંત વાતાવરણમાં થઈ હતી.

હાજર રહેલા સભ્યોએ પ્રશ્નકાળ દરમ્યાન બેંકના કામકાજની પ્રશંસા કરી હતી અને શ્રી તારાચંદભાઈ મણિલાલ ધરોડના બોર્ડની સારી કામગીરી માટે પ્રશંસા પ્રસ્તાવ ને Standing Ovation સાથે સર્વાનુમતે પસાર કર્યો હતો. અન્ય વક્તાઓએ પોતાના વિચારો અને સુચનો કર્યા હતા. ચેયરમેન શ્રી સંજયભાઈ નાનજી ગાલાએ આવેલ સુચનોને આવકાર આપી એમનું સમાધાન કર્યું હતું.

બેંક દ્વારા લેવાતા પ્રોસેસીંગ ચાર્જ, એડમીનસ્ટ્રેશન ચાર્જીસ અને અન્ય ચાર્જીસને મેમ્બરો પાસેથી અત્યારબાદ વસુલ નહીં કરવામાં આવે, Permanent Account Number (PAN card) માટે સભ્યોને નિશુલ્ક સેવા આપવાની પણ જાહેરાત કરવામાં આવી. વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે ૨૧ટકા ડિવિડંડની જાહેરાત કરવામાં આવી હતી.

તા. ૦૫-૦૭-૨૦૧૭ નાં રોજ મળેલ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની સભામાં નીચે જણાવેલ એક્સીક્યુટીવ બોર્ડની રચના કરવામાં આવી. ચેયરમેન-શ્રી સંજય નાનજી ગાલા, ડેપ્યુટી ચેયરમેન-શ્રી શાંતિલાલ વાલજી મારૂ, મેનેજીંગ ડાયરેક્ટર શ્રી સુશીલ ધિરજલાલ કાપડીઆ, ડાયરેક્ટર એડમીનીસ્ટ્રેશન-શ્રી જય મણિલાલ સાવલા અને ડાયરેક્ટર ફાઈનાંસ શ્રી અનિષ પોપટલાલ છેડા.

અન્ય ડાયરેક્ટરો શ્રી ચિમનલાલ લાલજી ગાલા, હિતેન મણિલાલ સંઘોઈ, શ્રી તલકશી ભાણજી ગડા, શ્રી કિરણ ચિમનલાલ રાંભિયા, શ્રી ગૌરવ કિર્તી ગાલા, શ્રીમતી બીજલ ગૌરવ ગાલા અને શ્રી કુનાલ તારાચંદ હરિયા.

# હાર્દિક શ્રદ્ધાંજલિ



દેહ ધારણ
૧૦–૦૩–૧૯૬૧

દેહ ત્યાગ
૨૯–૭–૨૦૧૭

## જીજાજી શ્રી ભરતભાઈ મગનલાલ ધરોડ

પત્રી–કચ્છ, હૈદરાબાદ

અમારા પૂજ્ય જીજાજી શ્રી ભરતભાઈ આપ ઓચિંતાના કોઈ સંદેશ, ના કોઈ ખબર આપી કહાં ચલે ગયે, હજી પણ માનવામાં નથી આવતું. પણ વિધિના વિધાન સામે કોનું કાંઈ ચાલે છે. આવું અને જવું એ તો કુદરતનો ક્રમ છે. પણ ઓચીંતાના ચાલ્યા જવું ખરેખર એક આશ્ચર્ય છે. આપનો હસમુખ ચહેરો અમને બધાને કાયમ યાદ રહેશે. આપની કાર્યશૈલીની પદ્ધતિ અને તમને મળેલ નામના જોઈને હૃદય ખરેખર ગદ્ગદિત થાય છે. આપનો આત્મા જયાં પણ હોય તે અમર પંથ બનીને રહે એજ અમારી શ્રધ્ધાંજલી.

લી.

સાળી–સાઢુ : અ.સૌ. અનીલા મયુર ચંદ્રકાંત દેઢીયા, નાની ખાખર

ભાણેજા–ભાણેજા વહુ : નિયતી અર્નીવ અને વિહંગ મયુર દેઢિયા

ના જય જીનેન્દ્ર

(હી.મ.)

● **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, હૈદરાબાદ :** હૈદરાબાદ–સિકંદરાબાદમાં વસતાં કચ્છી દસા ઓસવાલ જ્ઞાતિ પરિવારોનું લેટેસ્ટ માહિતિસભર વસ્તીપત્રકનું પ્રકાશન કરવામાં આવશે જે માટે સર્વે જ્ઞાતિ પરિવારોને ફોર્મ મોકલવામાં આવ્યા છે. સંજોગોવસાત્ કોઈપણ પરિવારને ફોર્મ ન મળ્યું હોયતો ફોર્મ વહેલીતકે મેળવી અંગ્રેજી કેપીટલ લેટર્સમાં સુવાચ્ય અક્ષરોમાં ભરીને શક્ય એટલું જલ્દી પાછું મોકલી આપવા વિનંતી. આપની આજુબાજુમાં વસતાં પરિવારોને આ માટે જરૂરથી જાણ કરશો. વધુ માહિતિ માટે સંપર્ક : રાજુભાઈ પટેલ મો. ૯૩૯૧૦ ૦૮૪૧૩ અથવા લહેરચંદ લોડાયા મો. ૯૨૪૬૫ ૩૧૦૬૬


Advertising - Designing - Printing - Flex Banners, Computerised Horoscope, Kundli Match Making, in Hindi, Gujrati, Telugu & English LanguagE., Advertisements in Leading News papers, For Bulk SMS, Multi Colour Stickers for Marriage
LOGO Designing, Broucher & Souvenir Priting



**CHANDRAPRABHA GRAPHICS**
Paras Ramesh Jagirdar 66680780, 40047999

**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**
at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Near Jain Temple, Kachiguda, Hyderabad-500 027.
TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-4002 0444
(જા.ખ.)



**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**
**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪–૪–૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭–૧૦૮, શ્યામ એન્ક્લેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯
(જા.ખ.)

DEEPAK MAVJI DHAROD   Cell : 98490 53458
**BHAVANA TOURS & TRAVELS**
RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK
Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27
(જા.ખ.)




વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ–નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો
**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮
ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો
(જા.ખ.)

# ¸ÉuÉW±ÉÒ







દેહ ધારણ
૧૦–૦૩–૧૯૬૧

દેહ ત્યાગ
૨૯–૭–૨૦૧૭

## શ્રી ભરતભાઈ મગનલાલ ધરોડ, પત્રી–કચ્છ, હૈદરાબાદ

### સહજાત્મ સ્વરૂપ પરમગુરૂ

વિરાટ વિશ્વમાં જે કાંઈ જોઈ અને જાણી શકાય છે. તે માત્ર એક તત્વના આધારેજ. તે તત્વ છે અનંત શક્તિધર જ્યોર્તિમય જ્ઞાન ગુણી આત્મા. જગતની આંખો રોતી રહીંને પાંખ વિના તે ઉડી ગયું. એવા અમારા લાડીલા ભરતભાઈ આમ ઓચિંતા ચાલ્યા જતાં અમારા કુટુંબને ખુબજ મોટી ખોટ પડી છે. પણ તેમણે કરેલી સેવાઓ અને સંસ્થાઓના લોકોથી તેમના પ્રત્યેનો પ્રેમ જોઈને અમને ખરેખર બહુજ લાગણી ઉભરાય છે. પ્રભુ એમના આત્માને પરમ મોક્ષ પંથે લઈ જાય એજ અમારા કુટુંબની શ્રદ્ધાંજલી...

માતા–પિતા : **શ્રીમતી ચંચળબેન મગનલાલ કાનજી ધરોડ**

ભાઈ–ભાભી : **શ્રીમતી દિના વિનોદ ધરોડ**

ભત્રીજો : **નિરંજન વિનોદ ધરોડ**

ભત્રીજી – જમાઈ : **શ્રધ્ધા કુણાલ કૈલાશ કામદાર**

ભત્રીજી : **દિવ્યા વિનોદ ધરોડ**

ભત્રીજી પુત્ર : **તક્ષ કુણાલ કૈલાશ કામદાર**

લી. ધરોડ પરિવાર – પત્રી

# મહિલા સમિતિ

સંચાલિક : દર્શના સાવલા
ફોન : ૯૦૩૨૭ ૬૭૧૧૧

**તમારા સહકાર અને આશીર્વાદથી અમે આપ સૌનું મનોરંજન કરવા તૈયાર છીએ.**

## WE ARE BACK - HUM PANCH TEAM

**૧) દર્શના સાવલા ૨) શ્વેતા જાડેજા ૩) કુસુમ રાંભિયા ૪) કરિશ્મા મોતા ૫) નિશા કાકરેચા**

A very big thank you to all for your support in elections.

**શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતિ પ્રસ્તુત કરે છે.**



# NÉù¥ÉÉ qÉÊe«ÉÉ yÉ©ÉÉ±É

**ON 16TH SEPTEMBER 2017 @ 4.00PM ONWARDS**
**AT KUTCHI BHAVAN, RAMKOTE, HYDERABAD**

**(૪.૩૦ પછી આવનારને રૂ. ૩૦/– આપી અલ્પાહારના પાસ આપવામાં આવશે)**
**ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે.**



**બેસ્ટ ગરબા અને બેસ્ટ દાંડિયાની હરિફાઈ**

**હરિફાઈમાં ભાગ લેવા માટે Traditional Dressing ફરજીયાત છે.**

**ખાસ નોંધ :** (૪૬ & above **ની** age **માટે બાંધની** or **કચ્છી વર્કની સાડી** Traditional **ગણાશે**)

**Age Group : 6-15, 16-30, 31-45, 46 & above.**

## સ્પેશિયલ કોમ્પિટિશન :

**૧)** Group of 6 or 8 members (with props)
**(બધા જ ગ્રુપ એક સાથે પરફોર્મસ કરશે. ૩–૫– મિનિટનું મ્યુઝિક વગાડવામાં આવશે.)**
**જેના** Registration **માટે** 10 September 2017 **પહેલા નામ લખાવવું ફરજિયાત છે.**
**Contact : Nisha Kakrecha - 9533330921**

**૨) જોડી કમાલ કી**
**(દાંડિયાની જોડી** 45 Years below and 45 above **હોવી જોઈએ)**

**૩)** Twins (Best Dress)

**Pick up & Drop**

**CHERIAN NATIONAL**
**Motor Driving School** **(ESTD. 1962)**
CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road,
Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.૬-૨૦૧૬)

|| શ્રી વાસૂપૂજ્ય સ્વામીને નમઃ ||



**શ્રી અચલગચ્છ જૈન સંઘ** ના ઉપક્રમે

**શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય**

નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતિનગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ



## પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ પ્રસંગે

# શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

ધર્માનુરાગી ભવ્યાત્મ,

હર્ષોલ્લાસ સાથે જણાવવાનું કે શ્રી સંઘના આંગણે શાસન સમ્રાટ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.** ની દિવ્યકૃપાથી તેમજ વર્તમાનગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** તથા સાહિત્ય દિવાકર, દક્ષિણ દીપક **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** અને નવ નિર્મિત **યુવા આચાર્યો** ના શુભઆશીષ તથા ચૈતન્યરત્ન **શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ** ની કૃપા સદ્ભાવનાથી પર્યુષણ મહાપર્વની આરાધના મુંબઈ વિદ્યાપીઠની આરાધક બહેનો સાથે કરાવવામાં આવશે.

## પર્વાધિરાજની કાર્યક્રમ ની રૂપરેખા

દરરોજ સવારના ૭-૦૦ કલાકે સ્નાત્ર પૂજા, સવારના ૯-૦૦ કલાકે પ્રવચન, સાંજના ૭-૦૦ કલાકે પ્રતિક્રમણ, રાત્રે ૮-૦૦ કલાકે પ્રભુજીની આંગી તેમજ પ્રભુ ભક્તિ ભાવના થશે. સર્વે ભાઈ-બહેનોને કાર્યક્રમમાં અવશ્ય પધારી લાભ લેવા વિનંતી.

શ્રાવણ વદ ૧૩ શનિવાર તા. ૧૯-૮-૨૦૧૭
બપોરના ૨.૦૦ કલાકે
**શ્રી મુનિસુવ્રત સ્વામિ અનુષ્ઠાન**
સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
**શ્રી વાસુપૂજ્ય સ્વામિ મંડળ**
ચૈતન્યપુરી, હૈદરાબાદ.

શ્રાવણ વદ ૧૪ રવિ વાર તા. ૨૦-૮-૨૦૧૭
બપોરના ૨.૦૦ કલાકે
**નમીઉણ અનુષ્ઠાન**
સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
**માતુશ્રી પાનબાઈ ખીમજી ડુંગરશી મામણિયા**
મેરાઉ, હૈદરાવાદ.

શ્રાવણ વદ ૩૦ સોમવાર તા. ૨૧-૮-૨૦૧૭
**વ્યાખ્યાનમાં કલ્પસૂત્રની બોલી**
બપોરના ૨.૦૦ કલાકે
**શ્રી ગીરિરાજ વંદના**
સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
**શ્રી માનેક મેવા સ્ટોર્સ,** બેંગલુરુ
**શ્રી પ્રસનચંદજી મનમલજી સંદીપકુમાર સિંઘવી,** હૈદ્રાબાદ

ભાદરવા સુદ ૧ મંગળવાર તા. ૨૨-૮-૨૦૧૭
સવારના ૯-૦૦ કલાકે અને બપોરના ૨-૦૦ કલાકે
**શ્રી કલ્પસૂત્ર વાંચન**
સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
**શ્રી પ્રકાશચંદ જૈન (શ્રી શ્રીમલ જેવેલર્સ)**
દીલસુખનગર, હૈદરાબાદ.
**શ્રી મોતીલાલજી સુરેન્દ્ર, નરેન્દ્ર, વિનીત સુરાણા**
કોઠી, અબીડ્સ, , હૈદરાબાદ.

(ક્ર.પ.)

ભાદરવા સુદ ૨ બુધવાર ૨૩-૮-૨૦૧૭
સવારના ૯-૦૦ કલાકે
**સ્વપ્ન દર્શન, સપનાજી-પારણું પધરાવવાની બોલીઓ,**
**શ્રી મહાવીર જન્મ વાંચન**
સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
માતુશ્રી શાંતાબેન હીરજી કાનજી ગોસર પરિવાર
શ્રીમતી કુસુમબેન સુરેશચંદ્ર ગોસર
સાભરાઈ-કચ્છ, હૈદરાબાદ.

ભાદરવા સુદ ૩ સોમવાર ૨૪-૮-૨૦૧૭
સવારના ૯-૦૦ કલાકે તથા
બપોરના ૨-૦૦ કલાકે
**શ્રી કલ્પસૂત્ર વાંચન**
સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
શ્રીમતી ઉષાબેન તલકશી નાલજી ગાલા
ચીયાસર, હૈદરાબાદ.

ભાદરવા સુદ ૪ શુક્રવાર તા. ૨૫-૮-૨૦૧૭
સવારના ૯-૦૦ કલાકે અને બપોરના ૨-૦૦ કલાકે
**શ્રી કલ્પસૂત્ર વાંચન**
સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
માતુશ્રી જેતબાઈ જેતસી ખીંયસી
ધુલ્લા પરિવાર
હાલાર દલતુંગી, (હીરા હાર્ડવેર) હૈદરાબાદ

ભાદરવા સુદ ૫ શનિવાર ૨૬-૮-૨૦૧૭
સવારે ૯ કલાકે : **શ્રી બારસા સૂત્રનું વાંચન**
અને સાંજના ૪-૦૦ કલાકે :
**સાંવત્સરીક પ્રતિક્રમણ**
સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રામના લાભાર્થી
માતુશ્રી ચંપાબેન હેમરાજ મૈસેરી
હસ્તે જયચંદભાઈ પરિવાર
ચૈતન્યપુરી, હૈદરાબાદ.

ભાદરવા સુદ ૬ ને રવિવાર તા. ૨૭-૮-૨૦૧૭ સવારના ૫.૩૦ કલાકે **દ્વાર ઉદ્‌ઘાટન**
અને ૭.૩૦ વાગે, **તપસ્વીઓના પારણા**
લાભાર્થી : શ્રીમતી સોનબાઈ માણેકજી ઘેલાભાઈ લોડાયા પરિવાર(કચ્છ વારાપધાર) હૈદરાબાદ

ભકતિ ભાવના પૂજન માટે સર્વે ભાઈ-બહેનોને કાર્યક્રમમાં અવશ્ય પધારી લાભ લેવા વિનંતી. સાધર્મિક ભાઈ-બહેનો માટે રહેવાની સગવડ છે.

નિમંત્રક : **શ્રી અચલગચ્છ જૈન સંઘના જય જીનેન્દ્ર**
નરેન્દ્ર નંદુ માર્ગ, મારુતિનગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ.
ફોન : ૨૪૦૪૭૭૦૪, ૨૪૦૪૭૮૬૨, ૨૪૦૪૮૧૪૩, ૬૪૫૮૦૦૫૫

ખાસનોંધ :- આ નિયાપો ના આપેલી જાહેરાત ને અચલગચ્છ જૈન સંઘ ના સર્વે ભાઈ બહેનો ને મળ્યા તુલ્ય સમજવું એજ વિનંતી...

(શ્રા.ખ.)

# શ્રી આઠકોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ, હૈદરાબાદ

પરમપૂજ્ય ગુરૂદેવ આચાર્ય ભગવંત શ્રી સુરજી સ્વામી તથા પરમપૂજ્ય પદવીધર મહાસતીજી નીનાબાઈ સ્વામીની શુભનિશ્રામા આપણાં સંઘનાં પુણ્યોદયે આપણી આગ્રહભરી વિનંતીને સ્વીકારી આ વર્ષનાં પાવન પર્યુષણ પર્વનાં અવસરે શુક્રવાર તા. ૧૮-૮-૨૦૧૭ થી તા. ૨૬-૮-૨૦૧૭ શનિવાર સુધી, યોજનારી સામુહિક ધર્મ-આરાધનાં હેતુ, **સુશ્રાવક શ્રી દિપક પ્રેમજી સંગોઈ** ગામ સાડાઉ તથા તેમનાં ધર્મ-સાથીબેરાજાના સુશ્રાવક પ્રિયંક કિશોર મારૂ (ઉ.વ.૨૦ વર્ષ) મુંબઈથી પધારશે. યુવાઓ અને બાળકો પ્રિયંકભાઈનો ખાસ લાભ લવા વિનંતી. ઘર આંગણે જ્ઞાન-ગંગા જેવો આ અમુલ્ય લાભ મેળવવા સર્વ ધર્મજીજ્ઞાસુ ભાઈ-બહેનો અને બાળકોને ભાવભરી વિનંતિ છે.

સર્વ શ્રેષ્ઠ માંગલિક, જૈન ધર્મનાં મૂળભૂત સિધ્ધાંતો, અને ધર્મ-તત્વ-દર્શનની પ્રાથમિક કેળવણી આપણાં સંતાનો પામે એ શુભહેતુથી નીચે મુજબની જ્ઞાન-શિબિરોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સર્વ બાળકો, યુવાપેઢી આવો અમુલ્ય લાભ જરૂર લે એવી આગ્રહભરી વિનંતી વડીલોને છે.

**કાર્યક્રમની રૂપરેખા - વિશિષ્ટ શિબિરો**

શનિવાર, તા. ૧૯-૮-૨૦૧૭ નાં સવારના ૧૦ થી ૪ કલાકે જ્ઞાન - શિબિર

રવિવાર, તા. ૨૦-૮-૨૦૧૭ સવારે ૧૦ થી ૪ કલાક સુધી જ્ઞાન - શિબિર

શુક્રવાર, તા. ૨૫-૮-૨૦૧૭ સવારે ૧૦ થી ૪ કલાક સુધી જ્ઞાન - શિબિર

## દૈનીક કાર્યક્રમની રૂપરેખા

| | | |
|---|---|---|
| પ્રતિક્રમણ | : | સવારે ૫.૦૦ કલાકે |
| પંચપરમેષ્ઠીવંદના | : | સવારે ૬.૦૦ થી |
| ધર્મ સ્વાધ્યાય | : | સવારે ૯ થી ૧૦.૩૦ કલાકે |
| ધર્મ ચર્ચા | : | સવારે ૧૧ થી ૧૨.૩૦ કલાકે ભોજન સમય બપોરના ૧૨.૩૦ થી ૧.૩૦ કલાકે |
| જ્ઞાન-શિબિર | : | બપોરે ૨.૦૦ થી ૪.૦૦ કલાકે |
| પ્રતિક્રમણ | : | સાંજના ૬.૩૦ કલાકે |
| ધર્મ-ગોષ્ઠી તથા પ્રશ્નોત્તરી | : | રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાકે |
| સ્થળ | : | શ્રી કચ્છી ભવન, અતિથિ ગૃહ, બીજે માળે, રામકોટ, હૈદ્રાબાદ |

પર્યુષણ પર્વ દરમ્યાન બપોરનાં ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. આગલા દિવસે નામ નોંધાવવા વિનંતી.

સંઘનાં પરિવારજનો સંપૂર્ણ કાર્યક્રમને વધાવી સફળ બનાવે.

**શ્રી જયેશભાઈ જાદવજી મામણીયા**
**૯૪૪૦૮ ૯૦૪૩૭, ઓ. ૬૬૮૨ ૬૭૬૫**

**શ્રી મનોજભાઈ હિરજી સાવલા**
**૯૮૪૯૭ ૭૪૮૪૫**

(જા.ખ.)

**એક બીજાને ગમતા રહીએ મૈત્રીભાવનું પવિત્ર ઝરણું સહુના હૈયામાં વહયાકરે શાંત પળોમાં વિચારજો**

# વિવિધા

## સાથી.... હાથ બઢાના....

**સંકલન – હીરાવંતી કમલકાંત દેઢિયા**

વિયેટનામમાં એક આંધળો માણસ ફીડલથી મેળામાં ભજન ગાતો હતો, પણ કંઠ ખોખરો, સારો નહીં, એટલે ન કોઈ સાંભળે કે ન કોઈ કંઈ આપે ! એક સુપ્રસિદ્ધ ગવૈયો મેળામાં ગયો હતો, તેનો કંઠ સારો હતો એને આંધળાની આ દશા જોઈ ભલી લાગણી થઈ આવી. એને વિચાર આવ્યો કે કોઈ પણ પ્રકારે આને મારે મદદ કરવી જોઈએ. એણે તુરંત જ આંધળા પાસેથી તેની ફીડલ લઈ ભજન લલકાર્યું અને લોકો એકઠા થઈ ગયા. એક કલાકની સેવામાં તો આંધળાની થાળી પૈસાથી ભરાઈ ગઈ. આ સંગીતકારને કોઈ કહેવા ગયું ન હતું, કે આ અંધની સેવા કરો, પણ એને સ્વયં સ્ફૂર્યું કે આ ઠેકાણે મારે કંઈક કરવૂં જ જોઈએ, આ એક ધર્મ છે, માનવધર્મ.

ભગવાન મહાવીરને આવી નિષ્કામ સેવા બહુ પ્રિય હતી. તેમણે સાધુ અને શ્રાવક ને ઉદેશીને કહ્યું છે કે – ''જગતકલ્યાણમાં સમાયું સ્વકલ્યાણ'' તમારા મન–વચન–કાયા અને આત્માનો ઉપયોગ બીજા માટે કરો.

ત્રીસ વર્ષની યુવાવયે રાજકુમાર વર્ધમાને અપાર ઐશ્વર્ય, સુખ–સંપદાને ત્યજીને સંયમના માર્ગે પ્રયાણ કર્યું. સાધનાકાળનાં સાડાબાર વર્ષ સુધી તેઓ જંગલોમાં ઉપસર્ગો ને સહન કર્તા મૌન રહ્યાં પણ જેવું કેવળજ્ઞાન પ્રાપ્ત થયું કે બીજે દિવસે પાવાપૂરી પહોંચ્યા, જ્યાં પાત્ર હતાં ગૌતમ, પાત્ર હતાં સુધર્મા અને એમની સાથે સેંકડો બ્રાહ્મણ શિષ્યો, જેમની વચ્ચે વહેરવું હતું એ જ્ઞાન, એ અમૃત! મહાવીરનું હૃદય કરૂણાસાગર હતું ''જે હું પામ્યો એ બીજાએ પણ પામવું જોઈએ''. અર્થાત જગત કલ્યાણ ની ભાવના હતી. પછી તો નગરે–નગર, ગામે–ગામ, ગલીએ ગલી વરસાવ્યું હતું એ જ્ઞાનરૂપી અમૃત! એટલુંજ નહીં પણ જ્યારે પોતે જાણ્યું કે હવે જીવનનો અંત આવી રહ્યો છે ત્યારે જીવનનાં છેલ્લા ૭૨ કલાક પિતા પોતાના પુત્રને અંતિમ સમયે કેવી હિત શિખામણ આપે તેવી શિખામણ એમણે એકધારી સતત ૭૨ કલાક આપણા હિત માટે આપી.

લોકો માટે મંગળભાવના કરનારા તુલસીદાસજી પોતાની તુલસી–રામાયણમાં પણ જગત–કલ્યાણનો જ મહિમા ગાયો છે. તેઓ કહે છે કે,

''પરહિત સરિસો ધરમ નહીં ભાઈ! પરપીડાસમ નહીં અધમાઈ,
પરહિત બસે જિનકે મનમાંહી, તિન્હ કો જગ દુર્લભ કછુ નાહીં
રઘુકુલરીતિ સદા ચલી આઈ, પ્રાણ જાય બરુ વચન ન જાઈ''

આપણા ભગવાન અને પૂર્વજો તો આ કામ સુંદર રીતે કરી ગયાં છે, આજનાં આ કમ્પ્યૂટરયુગમાં આપણે પણ નિષ્કામ સેવાનું આ કામ સુંદર રીતે કરી શકીએ છિએ, જરૂર છે ફક્ત એક પાકો નિશ્ચય કરવાનો. આપણી પાસે જે કંઈ બેસ્ટ છે, ગૉડ ગિફ્ટ છે એ વસ્તુનો છૂટે હાથે જગત કલ્યાણ માટે વહેંચવાનો e.g., કોઈ શિક્ષક હોય તો પોતાના જ્ઞાનથી ગરીબ બાળકોને ફ્રી અભ્યાસમાં મદદ કરે, વકિલ છો તો કોઈ મુંજાયેલા ગરીબ માણસ ને ફ્રી માં રસ્તો બતાઓ, ડૉક્ટર છો તો અઠવાડિયામાં એક દિવસ



શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન
કચ્છી જૈન ફાઉન્ડેશન
SPONSORED By
MARU
M.P.MARU
PRESENTS
KALA Utsav '18
આ વર્ષે ભારતભરમાં ઉજવાશે 'કલા ઉત્સવ-૧૮'
આજા નચ લે
કપલ ડાન્સ કોમ્પીટીશન
મન કી બાત
વકૃત્વ સ્પર્ધા
તાલીયોં ના તાલે
પેન્ટીંગ
રંગોલી
ફોટોગ્રાફી
KVO IDOL
SINGING COMPETITION
એનીમેશન/ ગ્રાફીક્સ
On Line Registration :
www.kutchijainmahajan.com
Mr. KVO - Ms. KVO
TALENT / FASHION HUNT
Documentry/ Short Film
હૈદ્રાબાદ કે હિંમતવાલે
હૈદ્રાબાદના કો-ઓર્ડીનેટર:
- 98497 47625
- 93460 54660
શ્રી કચ્છી મિત્ર મંડળ-હૈદ્રાબાદ
- 98207 63771
- 93222 10795
FENKIN DEVELOPERS-Thane, Fenil Girish Bheda

ગરીબો માટે ફ્રી માં કામ કરો. જેમની પાસે અઢળક ધન છે તો ગરીબ બાળકોની ફી ભરો, નવા પુસ્તકો લઈ આપો. આવી નિષ્કામ સેવાથી આપણા જીવનમાં એટલો અદ્‌ભુત આનંદ આવશે, જે આપણા આત્મા માટે ટોનિક હશે અને ત્યારે મહાવીરનું આ વાક્ય આપણને સત્ય લાગશે, **''જગત કલ્યાણમાં સમાયું સ્વકલ્યાણ!''**

નદીનું પાણી મીઠું અને સમુદ્રનું પાણી ખારૂ કેમ ? એક શિષ્યે નદી કિનારે ચાલતાં સંત ને પૂછ્યું –જવાબમાં સંતે કહ્યું – નદી સતત દાન કરતી રહે છે જ્યારે સમુદ્ર હંમેશા સંગ્રહ કરતો રહે છે. જે આપતો રહે તે મધુર બને. વાસણ જેમ ઘસાય તેમ ચળકે તેમ બીજા માટે આપણે ઘસાઈએ તો ઉજળા થઈએ.

આપણા સમાજમાં આવા નિષ્કામ સેવાનાં કામો તો ચાલીજ રહ્યાં છે. જે જે ભાઈ–બહેનો આવા કામોમાં ભાગ લે છે એમને બધાને આ અદ્‌ભુત આનંદનો અનુભવ હશે જ.

આપણા ઋષિમુનીઓ, ત્યાગીઓ જાણતા હતાકે...
દુર્લભ માનવજીવન ફરીથી જલ્દી નહીં મળે,
નરકમાં દુઃખ મૂક્તિ સિવાય કોઈ ચાહના નથી હોતી,
પશુમાં પેટ પૂર્તિ સિવાય કોઈ ભાવના નથી હોતી,
દેવોને સ્વર્ગિય સુખમાં ધર્મની કામના નથી હોતી
માનવભવ સિવાય જગત કલ્યાણની સાધના નથી થતી.

---

## જીવતાંમાબાપને સ્નેહથી સાંભળશે

જીવતાંમાબાપને સ્નેહથી સાંભળશો
ગુમાવ્યા પછી
ગીતા સાંભળવાનો શું અર્થ ?

સાથે બેસી જમવાની એમની ઈચ્છા
પ્રેમથી પુરી કરજો
પછી ગામ આખાને લાડવા જમાડવાનો શું અર્થ ?

વ્હાલની વર્ષા કરનારને વ્હાલથી
ભીંજવી દેજો
ચીર વિદાય પછી આંસુ સારવાથી શું અર્થ ?

ઘરમાં બેઠેલા માબાપ રૂપી ભગવાનને
ઓળખી લેજો
પછી અડસઠ તીર્થ ફરવાનો શું અર્થ ?

સમય કાઢી વૃધ્ધ વડલાં પાસે બેસી જાશો
પછી બેસણાંમાં ફોટા સામે
બેસવા બેસાડવાનો શું અર્થ ?

લાડકોડ પુરનાર માબાપને સદાય
હૈયામાં રાખજો
પછી દિવાન ખંડમાં તસવીર રાખવાનો શું અર્થ ?

હયાતીમાં જ હૈયું એમનું ઠારી સેવાનું
સુખ આપજો
પછી ગંગાજળમાં અસ્તી પધરાવવાનો શું અર્થ ?

માવતર એજ મંદિર એ જ સનાતન સત્ય રાખજો
પછી રામ નામ સત્ય બોલવાનો શું અર્થ ?

સંકલન : ગીતા શાહ

## રાખડી

મારી સ્મૃતિઓના ગુલદસ્તામાં
એક ફુલ બની
તમારી રાખડી આવતી હતી...
નિશબ્દ તમારા ભાવ
મારા અંતરને સ્પર્શી જતાહતા...
છલકાતી મારી અનેક દુઆઓ
તમારા આત્માને ચીર શાંતિ આપે
અનાથી વિશેષ
હું પ્રભુ પાસે શું માંગુ ?

**– હંસકુમાર સાયલા**


We create new smiles.....
MAHAVIR DENTAL CARE
MULTI SPECIALITY DENTAL AND IMPLANT CENTRE
Dr. Sambhav Vora, MDS
Oral & Maxillofacial Surgeon
10% Special Discount on the occasion of Independence Day Celebrations upto 31st August 2017
MAHAVIR DENTAL CARE
DENTAL IMPLANTS
ORTHODONCIT TREATMENT
DENTAL SURGERY
TOOTH WHITENING
COSMETIC DENTISTRY
COSMETIC SURGERY
GUMS REHABILITATION
BREATH FRESHENING
TEETH CONSERVATION
SMILE ENHANCEMENT
PEDIATRIC DENTISTRY
D.V. House, Block No. 1, D.V.Colony, Near KIMS Hospital, Secunderabad 500003.
Branch : 3-2-843/2/A, Kachiguda Station Road, Above Bank of Maharashtra, Hyderabad - 500 027
Phone : 9246590303, E-mail : sambhav.vora@gmail.com
(જા.ખ.)

# પ્રકૃતિની સારસંભાળ વિશ્વને ટકાઉ ભવિષ્ય આપી શકશે

સંકલન : **પંકજ વી. સાવલા**

એમ કોમર્સ એટલે મોબાઈલ એપ દ્વારા થતો બિઝનેસ. મિન્ત્રા એવી પહેલી ઓનલાઈન ફેશન રિટેલ કંપની છે જે પોતાનો વેબસાઈટ બિઝનેસ બંધ કરીને એક કોમર્સના બિઝનેસમાં શિફ્ટ થઈ જશે. ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઈન્ડિયાનું અનુમાન છે કે ઈન્ટરનેટનો ઉપયોગ કરનારાઓની સંખ્યા ૩૦ કરોડ હતી જેમાં ૬૦ ટકા લોકો મોબાઈલ ફોન થકી ઈન્ટરનેટ સાથે જોડાયેલા છે.

આ પરિવર્તનના મુખ્ય છ કારણો આ મુજબ છે.

૧) ભારતમાં ઈમ્પોર્ટેડ સ્માર્ટ ફોનની સંખ્યા ૨૦૧૧માં ૧ કરોડ હતી જે ૨૦૧૪માં ૮ કરોડે આંબી ગઈ છે.
૨) નાના શહેરોમાં લોકોને મોબાઈલ ફોન દ્વારા જ ઈન્ટરનેટનો પ્રથમ અનુભવ થયો.
૩) ઉપર જણાવ્યું એમ ૩૦ કરોડ ગ્રાહકોમાંથી ૬૦ ટકા મોબાઈલ ફોન દ્વારા જોડાયેલા છે.
૪) ૨૦૦૮માં આઠ ટકા ગ્રામિણો ઈન્ટરનેટનો ઉપયોગ કરતા હતા. જે ૨૦૧૪માં ૧૩ ટકા થઈ ગયો છે.
૫) ૨૦૧૫માં ૪.૫૦ કરોડ લોકો ઈન્ટરનેટ દ્વારા ખરીદી કરે છે, આ સંખ્યા ૨૦૨૦ સુધીમાં ૨૨ કરોડ થઈ જવાની શક્યતા છે.
૬) અનુમાન છે કે ૨૦૨૦ સુધીમાં ૩૬ ટકા શોપિંગ મોબાઈલ ફોન દ્વારા થવા લાગશે.

એવા અગ્રણી કર્મચારીઓ જેમણે પોતાની કંપનીના ગ્રાહકોને એમ કોમર્સનો અનુભવ કરાવ્યો, જે ભવિષ્યમાં બિઝનેસનું મહત્વનું હથિયાર બનશે. ટેકનોલોજીના પરોતાના જ્ઞાન, ભવિષ્ય દ્રષ્ટિ અને ટેકનોલોજી દ્વારા સમસ્યાઓ ઉકેલવાની યોગ્યતા છતાં પણ તેમને ખાતરી છે કે પ્રકૃતિનો વિકલ્પ શોધી શકાય એટલો વિશ્વનો વિકાસ થયો નથી. આ જ કારણોસર જ્યારે મોટાભાગના મિત્રો અને સંબંધીઓ ગાઢ નિદ્રામાં હોય છે ત્યારે બેંગલોરના ઉપનગર મલ્લેશ્વરમના રસ્તા પર સાઈકલ પર નીકળી પડે છે. સાઈકલ પર એક સાવરણી અને બાસ્કેટ હોય છે. જ્યાં પણ તેમને રસ્તા પર સુકાયેલા પાંદડા જોવા મળે છે તેઓ અટકી જાય છે અને તેને બાસ્કેટમાં ભરીને ઘરે પરત ફરે છે.

આ બાસ્કેટ સુકાયેલા પાંદડા અને વૃક્ષો પરથી ખરી પડેલા ફૂલોથી ભરેલું હોય છે. પાનખરની સિઝન જેવા બાયોમાસ ક્લેક્ટર્સ માટે મોટો તહેવાર છે. આ પાંદડા-ફૂલોને ઘરની પાછળની જગ્યામાં ઠાલવે છે અને તેના પર સમયાંતરે પાણી છાંટતા રહે છે. કલ્ચરિંગની પ્રક્રિયા છથી આઠ મહિના સુધી ચાલે છે. આ રીતે બનતું કમપોસ્ટ ખાતર બગીચામાં ઉપયોગ કરાય છે. તેની પાસેથી પ્રેરણા લઈને ઘણા લોકોએ પોતાના ઘરમાં કમ્પોસ્ટિંગ પોઈન્ટ બનાવી દીધા છે. પ્રકૃતિ ઉત્કૃષ્ઠ સ્ત્રોત છે અને સૂકાયેલા પાંદડા-ફૂલોને બાળી દેવાનો કોઈ અર્થ નથી. હવે તે રસાયણમુક્ત કમ્પોસ્ટ ખાતરમાંથી શાકભાજી પણ ઉગાડે છે. ફંડા એ છે કે કરિયર ગ્રોથ માટે ટેકનોલોજીનો ઉપયોગ યોગ્ય છે પણ સાથોસાથ પ્રકૃતિની સંભાળ રાખવાથી જ વિશ્વને ટકાઉ અને વિશ્વસનીય ભવિષ્ય મળી શકશે.

20 Days Medicine only Rs. 499/-

**AYURVEDIC (WEIGHT-LOSS) MEDICINE**

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

• AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
• AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

(જા.ખ.)

**Ph : 9395347264, 9392418463, 040-27564183**

*You are beautifuL... we just compliment it !*

Air Brush & HD Make-up

**abha**
be gorgeous

Bridal Pre Bridal Services

**SALOON & MAKE-UP STUDIO**

*by Bhavini Patel*

Fresh Batch Starting from 1st March for

SELF GROOMING COURSE | PROFESSIONAL MAKE-UP COURSE | PROFESSIONAL HAIR STYLE COURSE

3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,
Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com
Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed

(જા.ખ.)

**ALSO AVAILABLE BRIDAL JEWELLERY FOR RENT**



# R.S. BANDHANI HOUSE

## કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)

# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652



Answers for the last month's quiz is :-

**1) Hera Feri**
**2) Lagan**
**3) PK**
**4) Jab we met**
**5) Bajirao Mastani**
**6) Barfi**
**7) Hum dil de chuke sanam**
**8) Queen**
**9) Munnabhai MBBs**

The persons who have given correct answers are :

Asha Mehta
Bhoomika Sawla
Bharati K. Dharod
Chaitali Shah
Dipti Atul Sayla
Femi Gada
Geeta Hanskumar Shah
Heena Vijay Dedhia
Jennis M. Gala
Khush Kailash Chedda
Khiresh Naveen Nagda
Maitri Naren Gosar
Mehak Dand
Mittal Piyush Shah
Madhuri Mahendra Heniya
Naman Kailash Chedda
Pooja Khiresh Lalka
Prachiti Dedhia
Pooja Mahendra Pasad
Paras Mahendra Pasad
Saurabh Nitin Gada
Trushali Sanjay Lalka
Veena K. Gosar
Vaishali Hitesh Heniya
Yashika Dedhia

**QUIZ FOR THE MONTH :**

**A)** What will be the number of the parking lot, where the car is parked in the picture. If you can give logic for your answer, you are welcome.




**B)** **નીચે આપેલ ચિત્રો પરથી ગુજરાતી ગીતની પહેલી લાઈન જણાવો. દાખલા તરીકી નં. ૧ નો ગીત છે – પંખીડાને આ પિંજરૂ...**




You can send your answers by Whatsup on the above mobile number or in writing to Mandals office.

# પ્રકૃતિની ગોદમાં વસેલ...

## હૈદરાબાદ પાસે નવનિર્માણ પામેલ વિશ્વ વિખ્યાત
## શ્રી મુનિસુવ્રત સ્વામી નવગ્રહ જૈન તીર્થ

ના સંકુલમાં, ફાર્મ હાઉસ બંગલાની
સાથે for sale ફક્ત જૈનો માટે



- 1500 Sq. Yard ની જમીન પર
- 50 Fruits ના ઝાડ સાથે
- 700 feet નું બોરીંગ કે જે મીઠું પાણી આપે છે.
- જૈન તીર્થથી માત્ર ૨ મિનીટના અંતરે.
- ૨ હૉલ, કિચન, 3 સુસજીત રૂમ્સ, એટેચ બાથરૂમ
- બંગલો ચારે બાજુથી બાઉન્ડ્રી વોલથી સુરક્ષિત
- હૈદરાબાદથી માત્ર ૩૨ કિ.મી. ના અંતરે

: Contact :

**વિજય વોરા - 98490 79797**

**વિમલ વોરા - 98480 71069**

**રાજવીર વોરા - 8019998877**

(જા. ખ.)


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સકસેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડુ (પાંચ ધાન્યના)
ફીણીયા લાડુ
નાચણી (રાગી), ખજુર લાડુ (સુગર ફ્રી)
અલશી મખાના લાડુ (કેલશિયમ-વિટામીનથી ભરપુર)
ડ્રાયફ્રૂટ લાડુ (ઘઉંના)
ગોળ પાપડી
ગોળીયા લાડુ
અડદિયા પાક (શિયાળુ પાક)
કોકોનેટ બિસ્કીટ
સાંગલીના ભડંગ
શીંગદાણાની ચટણી
સિકંદરના ખારી સીંગ
સિકંદરના ચણા
ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદર

---

*Contact*

**PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardham,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

PRAVIN CHHEDA - 89857 59320
PREMILA CHHEDA - 90146 66932

(જા.ખ.)

ઘરની બનાવેલ તલની ચિક્કી, શિંગદાણાની ચિક્કી, ફરસી પુરી,
ચકરી, સેવ ઈત્યાદી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.
**નીતા વીરા**, બડીચાવડી, હૈદરાબાદ. મો. ૮૧૦૬૫૭૬૮૮૦

# KIRAN electronics

5&9, Royal Plaza, Opp. HVS School, 4-4-933, Sultan Bazar, Hyderabad 500 095.
Ph : 040-2475 0656, 040-2475 8636. Email : hydkiranelec@yahoo.com

**Dealers & Stockist:**
**Industrial Electronic Components**

Website: www.kiranelectronicshyd.com & www.kiranelechyd.com

Amptek — Maintenance Free Rechargeable Sealed Acid Batteries
ALCON — IGBT Snubber & Professional Grade Electrolytic Capacitors
PROTECTRON — IC Sockets & Fuses
Pankaj — Wire Wound Potentiometers
International IRI — Silicon Diodes, SCR & Thyristors
pla — Relays & Timers
MIKRON — Thermal Cutouts
PAVAN INDUSTRIES — Multiturn Pots & Dials
eupec
Gilard — Toggle & Micro Switches, John's Plug
BE TPC — Metalised Polyster Capacitor, Axial & Box Type
ALLIED CONNECTORS
MW MEAN WELL — SMPS & DC to DC Converters
SUNON — AC & DC Instrument Cooling Fans
HICOOL
SAKURA — RFI-EMI Filters & Spike Protectors
ESSEN — Euro/DC Connectors & Micro Switches
DELTRON
SE — Terminal Strips & Fuse Holders
NAMOLECTRIC CONTROLS — Illuminated & Non-Illuminated Rockers Switches
O/E/N
FCI
Amphenol
OMRON
ATMEL
SOLDRON
SEMIKRON
ebm NADI
watts
Bharat Electronics
BOURNS
ELCOM
UNISON CONTROLS — Solid State Relay
PARAMOUNT — EXPECT MORE...
NOV FLEX
Linear
PIRI
integral

(જા.ખ.)

**WANTED PART TIME/FULL TIME ACCOUNTANT WITH KNOWLEDGE OF COMPUTER**
**PLEASE CONTACT WITH BIODATA**

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમ્પ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. સાથે-સાથે દર મહિનાના ત્રીજા રવિવારે શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તી દિઠ માત્ર રૂા. ૫૦/- તથા બસના લાભાર્થીનો નકરો રૂા. ૫૧૦૦/- છે. આવા ઉત્કૃષ્ઠ આયોજનનો જરૂરથી લાભ લેશો તથા અન્યને પણ લાભલેવા અનુમોદીત કરશો. શ્રી સંઘ પ્રવૃત્તીને દસ વર્ષ પૂરા થયા એના ઉપલક્ષ્યમાં દશાબ્દી મહોત્સવ ઉજવી રહ્યા છે. અનેક વિધ કાર્યક્રમ હાથે ધરેલ છે. એના અંતર્ગત ભાંડકજી, પેદતુંબલમ, શ્રી કૃષ્ણગીરી, પૂના કાતરજ પાબળ, તળેગાંવ, મહાબલેશ્વર, પંચગીની આદી તીર્થ યાત્રાનો સફલતા પૂર્વક આયોજન થએલ હજી પણ બલસાણા, પારોલા, નેર, ધુલીયા, શાહપૂર, ધર્મચક્ર, કુંભજગીરી આદી યાત્રાનો આયોજન વિચારાધીન છે. અનુકુલતાએ રાજસ્થાન તીર્થ યાત્રાનો પણ આયોજન થશે. કાર્યક્રમનું આયોજન થતા જાહેર કરવામાં આવશે. ત્યારે જરૂરથી લાભ લેવા વિનંતી.

વિશેષમાં શ્રી પર્વ પર્યુષણ ના પૂર્ણાહુતી પાશ્ચાત શ્રી ચૈત્યપરીપાટીનું આયોજન થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે. રવિવાર તા. ૩-૯-૨૦૧૭ મર્યાદીત બસોનું આયોજન થયેલ છે. નકરો વ્યક્તિ દીઠ રૂા. ૧૦૦/- માત્ર, બસનાં લાભાર્થી માટેનું નકરો છે રૂા. ૨૫૦૦/-. જેના માટે આઠથી દસ લાભાર્થીઓની આવશ્યક્તા છે. એનું પણ જરૂરથી લાભ લેશો. રવિવાર ૩-૯-૨૦૧૭ ના સવારનાં ૫.૩૦ વાગે જીનેશ્વરધામ મંદિરમાં ભેગા થવાનું છે. શાંતિનાથ દાદાનો દર્શન કરી સામુહીક ચૈત્યવંદન, ગુરૂવંદન, માંગલીક સાંભળી આગળ કોઠી મંદિર માટે પ્રસ્થાન કરશું ત્યાં દેવદર્શન ચૈત્યવંદન, ગુરૂવંદન કરી ચારકમાન મંદિર પહુંચી ત્યાં દેવદર્શન સામુહીક ચૈત્યવંદન કરી નવકારશીનું લાભ લેશું ત્યાંથી શાહઅલીબંડા, ફિલખાના, ગોશામહલ મંદીર જશું ગોશામહલ મંદીર બપોરનું સ્વામીવાત્સલ્યનું લાભ લેશું. ત્યાંથી વરૂણ અપાર્ટમેન્ટ કીંગકોટી મંદિરે જશું. ત્યાર બાદ ડી.વી. કોલની, રસુલપુરા, એમજી રોડ કુંથુનાથ મંદિરનું દર્શન કરી. ચૈતન્યપુરી દર્શન કરશું સાંજનો ચૌવિહાર ચૌતન્યપુરી હશે. ગુરૂમંદીરના પણ દર્શન કરશું તથા એક નાનકડુ ગેટ ટુ ગેધર કરી લાભાર્થીઓનું સન્માન વિગેરે કાર્ય કરશું તથા પાછા કાચીગુડા હૈદરાબાદ આવશું. એના માટે વેલી તકે નામો નકરા સાથે જરૂરથી લખાવશો જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

શ્રી સંઘના અન્ય પ્રવૃત્તિઓ, આજીવન સભ્ય પદની નોંધણી પૂર જોશમાં ચાલે છે. આજીવન સભ્યને શ્રી કુલપાકજી તથા મેડચલ તીર્થ યાત્રા સંઘ તરફથી કરાવવામાં આવે છે. રવિવારના જીનેશ્વર ધામ મંદીરે પૂજા કરનાર નાના બાળકોને પ્રભાવના આપવામાં આવે છે. જેનો લાભ લગભગ ૧૫૦ બાળકો લાભ લઈ રહ્યા છે. અનુક્રમે ચૈતન્યપુરી મંદીરમાં પણ આયોજન શુરૂ કરવામાં આવશે. ગરીબ ભોજન, ગોસેવા યાત્રીક ભાતો એવી અનેક યોજનાઓ કાર્યાન્વિત છે. લાભલેવા ઈચ્છુક સંચાલકશ્રીનું સંપર્ક કરવા વિનંતી. સાધારણ ફંડના વૃદ્ધી માટે પણ ખુલેહાથે અનુદાન આપવા અપીલ કરીએ છે.

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :**

## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી
## રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,

(જી.પ્ર.)

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ સાયન-મુંબઈ**

**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**